ક્રમાંક:મઉમશબ/શા નિ/૯૦૭/૧૧
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦ બી, જુના સચિવાલય
પાસે, ગાંધીનગર. તા. ૩૧-૧૨-૨૦૧૯

D.E.O. A'BAD CITY
03 JAN 2020
1953
INWARD No. ......

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
ગુજરાત રાજ્ય.

વિષય : ધોરણ-૯ થી ૧૨ સળંગ એકમ થતાં વિનિયમ-૧૨(ક)ની સ્પષ્ટતા કરવા બાબત.

સંદર્ભ :- ૧) બોર્ડની કારોબારી સમિતિ તા.૨૦/૯/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક : ૬૬૩/૨૦૧૯.

૨) બોર્ડના પત્રક્રમાંક:મઉમશબ/શાનિ/૫૮૫૩ તા.૩૦/૯/૨૦૧૯ના પત્ર અન્વયે.

ઉપરોક્ત વિષય સંદર્ભે જણાવવાનું કે ધોરણ-૧૦ ની બોર્ડની જાહેર પરીક્ષા સુધી વિદ્યાર્થીઓના નામ, અટક, જન્મ તારીખમાં સુધારો કરવા અંગે વિનિયમ-૧૨ (ક) (૬) ની જોગવાઇમાં, "વિદ્યાર્થીએ ખરેખર શાળા છોડ્યા પછી શાળા રેકર્ડમાંની નોંધોમાં કોઇ ફેરફાર કરી શકાશે નહી" પરંતુ સંદર્ભ દર્શિત બોર્ડની કારોબારી સમિતિમાં સદર બાબત રજુ કરતાં બોર્ડની કારોબારી સમિતિએ પુખ્ત વિચારણાના અંતે ઠરાવવામાં આવ્યું કે વિનિયમ-૧૨ (ક) (૬) ની જોગવાઈમાં સ્પષ્ટતા કરવામાં આવે છે કે ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમ વર્ષ-૨૦૦૨ માં માધ્યમિક સાથે ઉચ્ચતર માધ્યમિક વિભાગને આમેજ કરવામાં આવેલ છે તે જોતા વિદ્યાર્થીઓનું શિક્ષણ ધો-૯ થી ૧૨ નું ગણવાનું રહે. જેથી વિદ્યાર્થી કે ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં અભ્યાસ કરતો હોય તો તેમાં ફેરફાર કરવાની સત્તા વિનિયમ-૧૨(ક)(૧) મુજબ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓને સંદર્ભદર્શિત-૨ થી સોંપવામાં આવે છે.

ઉક્ત સંદર્ભેદર્શિત-૨ના પત્રથી વિદ્યાર્થીના ધોરણ-૧૧ અને ૧૨માં નામ ફેરફાર કરીએ ત્યારે જો તે વિદ્યાર્થી અન્ય શાળામાંથી આવતો હોઇ અને ધોરણ-૧૦ પાસ હોઇ તો તેણે ધોરણ-૧૦નો અભ્યાસ જે શાળામાં કર્યો હોય તેનો રેકર્ડ પણ સુધારવા માટે જિલ્લાશિક્ષણાધિકારીશ્રીએ ધોરણ-૧૦ની શાળાને પણ આદેશ કરવાનો રહેશે,

જો ધોરણ-૧૦ની શાળા જે જિલ્લાશિક્ષણાધિકારીશ્રી સુધારો આદેશ કરે તે સિવાયના જિલ્લાની હોય તો ધોરણ-૧૦ની શાળા જે જિલ્લાની છે તે જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને પણ સુધારા આદેશથી જાણ કરવાની રહેશે આ આદેશના આધારે ધોરણ-૧૦ની શાળાના જનરલ રજીસ્ટરમાં સુધારો કરવાનો રહેશે અને ધોરણ-૧૦ની ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની કચેરીમાં પણ સુધારો કરાવીને ડુપ્લીકેટ ગુણપત્રક પ્રમાણપત્ર મેળવવાનું રહેશે

અન્ય જિલ્લાની ધોરણ-૧૦ની શાળા હોય તે જિલ્લાશિક્ષણાધિકારીશ્રીને આદેશથી નકલ મોકલવાની રહેશે જેથી ધોરણ-૧૨ના શાળાના તમામ G.R માં સુધારો કરી શકે અને તેના આધારે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર ખાતે સુધારો કરાવવાનો રહેશે.

S-3

ખરેખર વિદ્યાર્થીએ શાળામાં ધોરણ-૯ થી ૧૨ દરમ્યાન, શાળા છોડી દીધેલ હોય કે શાળાકીય અભ્યાસ પૂર્ણ કરેલ હોય તેવા કિસ્સામાં આ સુધારો લાગુ પડશે નહી.

(ડી. એસ. પટેલ)
સચિવ,
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

<u>નકલ સવિનય રવાના:-</u>

પ્રતિ,

૧) માન.અધ્યક્ષશ્રી,
ગુ.મા અને ઉ.મા શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

૨) નિયામકશ્રી,
શાળાઓની કચેરી,
જુના સચિવાલય,
ગાંધીનગર

3) ખાસ ફરજપરના અધિકારીશ્રી,
ગુ.મા અને ઉ.મા શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

૪ ) સંયુક્ત નિયામકશ્રી, (સંસોધન શાખા),
ગુ.મા અને ઉ.મા શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.તરફ જાણ સારૂ તથા શિક્ષણ પરીક્ષણ અંકમાં બહોળી પ્રસિધ્ધી કરવા અંગે.

૫) આઇ.ટી શાખા તરફ જાણ સારૂ.